સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

બહુમતિના જોરે બંધારણ ભેલાઈ જાય છે,
રાતોરાત વટહુકમે ખેલ ખેલાઈ જાય છે.
ફેલાઈ જાય છે પંજો પ્રજાના મત અધિકારે -
હારની બીકે ચૂંટણીઓ પણ ઠેલાઈ જાય છે...

કટ્ટરતાથી વિશ્વે બગડી છાપ - ધોવાઈ કીર્તિ...
વચન ઢોલ ને હવાઈ સ્વપ્નની - ખૂલી છે પોલ...

હાઈકુ

(મૂડીઝ સંસ્થાનું અવલોકન)

ચિંતન

કિં કુલેનોપ દિષ્ટેન શીલમેવાત્ર કારણમ્ ।
ભવંતિ સુતર્રા સ્ફીતાઃ સુક્ષેત્રે કંટકિદ્રુમાઃ ॥

'અમૂક કુળ સારું છે.' (તેથી તેમાં જન્મ લેનારાં તમામ સારાં છે.) એવું કહેવાનો કે ઉપદેશ આપવાનો શું અર્થ?! કારણ કે દરેકનાં શીલ-સ્વભાવ જ વ્યક્તિગત સારાં-પણાં માટે તો જવાબદાર હોય છે, જેમ કે સારાં ફળદ્રુપ ખેતરમાં કાંટાળાં વૃક્ષો ઉગ્યાં હોય તો પણ શું એ સારાં દેખાય છે?!

જીવનમાં 'સંસ્કાર' અને 'સત્સંગ' ના પ્રભાવથી વિદ્યા-વિનય-વિવેક-નમ્રતા-સજ્જનતા આવે છે. ઉચ્ચકુળમાં માત્ર જન્મ થવાથી કોઈ મહાન થઈ જતું નથી, સારી તાલીમ, સારો ઉછેર અને ઉત્તમ સંસ્કારથી જ માણસ પૂજ્ય-યોગ્ય બની શકે છે.

કોઈ સારું ફળદ્રુપ ખેતર હોય તો પણ એમાં કાંટાળાં-નકામાં વૃક્ષો ઉગી નિકળે છે એ ખેતરમાં ઉત્તમ વૃક્ષો જ થાય એવું નિશ્ચિત નથી.

સુવિચાર

- ભૂત ભવિષ્ય ભ્રમ છે.. વર્તમાન સત્ય છે - **સુરેશ દલાલ**
- પ્રમાદ એટલે ઈશ્વર સાથે થયેલી છેતરપિંડી - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમમાં પ્રત્યેક દિવસ કોઈ અપેક્ષા સાથે શરૂ થતો હોય છે, અને કોઈ નવા અનુભવ સાથે પૂરો થતો હોય છે - **જનકલ્યાણ**
- લગ્ન કરવાના ઉદ્દેશ માટે સુંદર શરીર જોઈએ... અને લગ્ન ટકાવવાના ઉદ્દેશ માટે સુંદર મન જોઈએ - **જય વસાવડા**
- જે પ્રેમ કરતો રહે છે તેને ઈશ્વર સંભાળી લે છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- માતાપિતાના અમૂલ્ય બલિદાનને ધનના ત્રાજવે તોલશો નહિં - **સંતરોબિન**
- જો તમે નમ્ર હોવ તો સમજજો કે ઈશ્વરે તમને ખુશ અને સુખી રહેવા માટે એક મજબૂત ગુણ આપ્યો છે, નમ્રતાને નબળી ન પડવા દો - **ઉમાશંકર જોષી**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

યુનાન દેશનો એક મોટો વેપારી શેઠ, લુચ્ચો, લોભી, ક્રૂર અને અન્યાયી હતો. દગાખોરી અને ભેળસેળથી ધન કમાતો હતો. તેની પુત્રવધુ નવી નવી આવી અને સેઠની નીતિ રીતિથી પરિચિત થઈ. ત્યાં શેઠ એકવાર રસ્તામાં લૂંટાઈ ગયા. ઘેર આવી ખૂબ અફસોસ કરતા હતા. ત્યારે પુત્રવધુએ સ્પષ્ટ કહ્યું, અન્યાયથી મેળવેલી લક્ષ્મી આવી જ રીતે જાય, જયારે પરિશ્રમથી પામેલી લક્ષ્મી ગમે ત્યાંથી પાછી આવી જાય છે.

શેઠે કહ્યું, એક મહિનામાં તું મને સાબિત કરી દે નહીં તો તને હું ઘરમાં કાઢી મૂકીશું.'

પુત્રવધુએ પરિશ્રમ કરી કમાણી કરી એમાંથી એક મુદ્રા શ(સોનાની) બનાવી એના પર શેઠનું નામ કોતરી શેઠને જ કહ્યું, જાવ ચાર રસ્તા પર રાખો આવો. શેઠે એને રૂમાલમાં બાંધી ચાર રસ્તે મૂકી દીધી.

એક બાળકે તે ઉપાડી - તળાવમાં નાખી દીધી. માછીમાર માછલી પકડી એ માછલીને પેટ ચીર્યું તો એમાંથી મુદ્રા મળી શેઠનું નામ વાંચ્યું - ઈનામની લાલચે તે મુદ્રા લઈ શેઠ પાસે ગયો અને માછલીના પેટમાંથી તેને મુદ્રા મળી છે એવી વાત કરી.

શેઠે પુત્રવધુને બોલાવી ક્ષમા માગી અને તે દિવસથી 'ખોટાં કામ' કરવાનો તિલાંજલિ આપી.

પંચાયતીરાજના માધ્યમથી લોકશાહીને વધુ મજબુત બનાવીએ

તંત્રીસ્થાનેથી....

આજે ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેરનામું વિધિવત બહાર પડાશે. ઉમેદવારી પત્રો ભરવાના આરંભ સાથે ચૂંટણી પ્રક્રિયાના શ્રીગણેશ થશે. ઉમેદવારોની યાદીઓ બહાર પડશે. જ્ઞાતિ-સમાજના સમીકરણો ગોઠવાશે, અસંતુષ્ટ ઉમેદવારો અખબારોમાં ચમકશે. આયારામ-ગયારામનો માહોલ અઠવાડિયું ચાલશે. કયાંક કોઈ મજબૂત થશે તો કયાંક કોઈ નબળું પડશે. ચૂંટણી ઢંઢેરાઓ બહાર પડશે. વચનોની લ્હાણી કરાશે, મતદારોને બહેકાવાશે, સભાઓ-સરઘસો યાજાશે અને ચૂંટણીની ગરમી પરાકાષ્ઠાએ પહોંચશે. અંતે મતદારો ચૂકાદો આપશે અને ગુજરાતનું ભાવિ ઈવીએમમાં સીલ થશે. આ સમગ્ર પ્રક્રિયા લોકશાહી વ્યવસ્થાનો આધારસ્તંભ છે. લોકોનો મત સર્વોપરી છે અને હોવો જ જોઈએ. પદ્ધતિઓ સામે પ્રશ્નાર્થો છે પ્રક્રિયા સામે પ્રશ્નાર્થો છે. પ્રશ્નો યથાવત છે. ચૂંટણીઓ આવે છે અને જાય છે. પ્રશ્નો ઉકેલાતા નથી અને દર ચૂંટણીએ સમાજ વહેંચાતો જાય છે.

ચૂંટણી લોકસભાની હોય, વિધાનસભાની હોય કે સ્થાનિક સ્વરાજની હોય. ચૂંટણી એ ચૂંટણી જ છે. આજે છ દાયકા બાદ પણ પક્ષો કે ઉમેદવારો કરતાં સમાજમાં જ્ઞાતિવાતનું ભૂત વધુ જોર કરે છે. પૈસાનું પ્રભુત્વ દિનપ્રતિદિન વધતું જાય છે. કયાંક ગુંડાગીરી કયાંક ધાકધમકી તો કયાંક સૌદાબાજીનો માહોલ ચૂંટણીના પરિમાણો અને પરિણામો બદલે છે. આપણે લોકશાહીમાં શ્રદ્ધા ધરાવતા દેશમાં વસીએ છીએ. ગુજરાત સંસ્કારી અને શિક્ષિત છે. લોકશાહીની દેશની પ્રયોગશાળા છે. ગુજરાત જે આજે વિચારે છે તે દેશના અન્ય ભાગોમાં આવતીકાલે વિચારાશે. ગુજરાતની એ તાકાત છે અને ગુજરાતની એ સમજ છે. છતાં રાજકીય પક્ષો વર્તમાન સ્થિતિમાં ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયાથી લઈ મતદાન સુધી જ્ઞાતિ, સમાજ અને વધુ પ્રભુત્વ આપ્યું છે અને આપે છે. શહેરી વિસ્તાર કરતા ગ્રામીણ વિસ્તારોમાં જ્ઞાતિઓનો મહિમા મોટો છે. બીજા શબ્દોમાં કહીએ તો ગ્રામીણ વિસ્તારમાં સ્થાનિક ચૂંટણીઓ ઝેર પાથરે છે, સમાજ વહેંચાય છે. મહિનાઓ અને વર્ષો સુધી જૂથબંધી અને જૂથ અથડામણો થતી જ રહે છે. આ ચૂંટણીની આડ પેદાશ સમાજને નબળો પાડે છે. હજુ પણ સમય છે આ વિચારધારામાંથી બહાર નીકળવાનો. આ સમય છે ઉમેદવારોની ગુણવત્તાને મહત્ત્વ આપવાનો અને આ સમય છે વિચારધારાનું વજન વધારવાનો.

પંચાયતીરાજ ભારતનો આત્મા છે. ભારત ગામડાઓમાં વસે છે અને ગામડાની પંચાયતસભા, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત ગ્રામીણ નાગરિકોનો અવાજ બને છે. પંચાયતી રાજ દ્વારા લોકશાહીને વધુ મજબૂત કરવાનો હેતુ અને હાર્દ આપણા બંધારણમાં સ્વીકારાયો છે. ચૂંટણીએ લોકશાહી અને બંધારણની મહત્ત્વની કડી છે. અને એટલે જ ચૂંટણી પ્રક્રિયામાં સાધન શુદ્ધિની અપેક્ષા છે. જ્ઞાતિ સમાજોના વેરઝેરમાં બહાર કાઢી ગોકુળિયાં ગામની કલ્પનાને સાકાર કરવી હોય તો સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને શુદ્ધ બનાવવી જરુરી છે. પક્ષો વિચારધારાને આધિન રહીને ચૂંટણી લડે આવકારીએ છીએ. ઉમેદવારોની પસંદગી, નેતૃત્વની ક્ષમતાને આધારે લેવાય, તે આવશ્યક અને આવકાર્ય છે. પરંતુ સોદાબાજીના સમીકરણીથી નહિ તો વિકાસના લક્ષ્ય સુધી પહોંચી શકાશે નહિ કે નહિ તો કલ્યાણના લક્ષ્ય સુધી પહોંચી શકાશે. વિકાસ અને કલ્યાણ આપણા સ્વરાજથી સુરાજ્ય સુધી પહોંચવાના રાજમાર્ગો છે. આવો ચૂંટણી પ્રક્રિયાનાં પ્રારંભે શક્ય મહત્તમ શુદ્ધ આચાર અને શુદ્ધ વિચારનો સંકલ્પ કરીએ અને લોકશાહીને વધુ મજબૂત કરવાની દિશામાં આગળ ધપીએ એજ આજના સમયની માંગ છે.

કુદરતની રચેલી આ સૃષ્ટિ એટલી સુદર, મનમોહક અને આકર્ષક છે કે તેને મનભરીને માણીએ તો આપણે રોજબરોજની બનતી સારી-નરસી ઘટનાઓ વચ્ચે પણ અંતરઆત્માને જીવંત અને રોમાંચિત રાખી શકીએ

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

ટેરવું હીબકે ચડ્યું છે...
મોબાઈલ ફોન
ટેબ્લેટ, લેપટોપ આઈ પેડ, કમ્પ્યૂટર...
ટેરવું ટીક ટીક કરીને થાકી ગયું છે...
એને
બાળકના ગાલ પર
મૃદુ સ્પર્શ કરવો છે...
માતાનો હાથ બની
દીકરીના વાંસા પર સરકવું છે...
કોઈ સાથો હાથ મિલાવી
રોમાંચ અનુભવવો છે...
દુઃખી વ્યક્તિને સુંવાળો
સ્પર્શ કરીને
સધિકારો આપવો છે...
તે હવે
મૃદુ સ્પર્શ કરવાનો પોતાનો
હક્ક મારી રહ્યું છે...
ટેરવું હીબકે ચડ્યું છે...

ટેકનોલોજીના આ યુગમાં Facebook અને Whats appની મદદથી આપણે એકબીજાની નજીક તો આવ્યા અને નવી ઓળખાણો પણ કરી. પણ આ બધું કરવામાં નાની-નાની બાબતોનો રોમાંચ સાવ ગાયબ જ થઈ ગયો છે ! આખો દિવસ જેને એ તમામે તમામ મોબાઈલ અને લેપટોપની આ માયાજાળમાં એવા ફસાઈ ગયા છે કે આસપાસ શું ચાલી રહ્યું છે તેનો અહેસાસ જ તેને નથી રહ્યો. સાવ નાનકડા બાળકના હાથમાં મોબાઈલ અને આઈ-પેડ પકડાવીને આપણે નિશ્ચિત બની જઈએ છીએ પણ ખરેખર આપણે એ બાળકનું બાળપણ અને એ બાળપણને માણવાનો આપણો રોમાંચ એ બંનેને ખોઈ બેસીએ છીએ. ટેરવાની આ વ્યથા એટલી વેધક છે કે તે છેક આપણા અંતરઆત્માને હચમચાવી મુકે છે. ઘરના ચાર સભ્યો સાથે મળીને કોઈ રેસ્ટોરન્ટમાં જમવા માટે ગયા હોય તો પણ ચારે-ચારને પરસ્પર વાતો કરવાને બદલે મોબાઈલમાં વ્યસ્ત હોય તેવું આપણે આપણી આસપાસ ઘણીવાર જોયું છે.

મોબાઈલ અને ઈન્ટરનેટની દુનિયા આકર્ષક ઘણી છે. તેમ છતાં જીવંત લાગણીઓનો હુંફાળો સ્પર્શ તેમાં કયાંથી ઉદ્‌ભવે? પોતાના DP કે Profile માં મોગરાના ફૂલનો ફોટો કે ગુલાબનો ફોટો મુકવા કરતાં આંગણામાં ઉગેલા છોડ પરનું ફૂલ હાથમાં લઈને એનો સ્પર્શ માણીએ તો તેનો ખરો આનંદ આવે. તેની સુગંધ, તેનો રંગ ફોટામાંજેટલો આકર્ષક દેખાય તેનાથી અનેકગણો વધારે તે આપણી આંખો, સ્પર્શ અને અંતરઆત્માને સુગંધથી મઘમઘાવી શકે છે.

કુદરતની રચેલી આ સૃષ્ટિ એટલી સુદર, મનમોહક અને આકર્ષક છે કે તેને મનભરીને માણીએ તો આપણે રોજબરોજની બનતી સારી-નરસી ઘટનાઓ વચ્ચે પણ અંતરઆત્માને જીવંત અને રોમાંચિત રાખી શકીએ. કવિશ્રી જયંત પાઠક લખે છે તેમ :

આ સૂર્યનાં કોમળ કિરણનું તેજ,
ને ઘરાઉરનો હૂંફાળો હેજ;
કયાંક કોકિકનું અચાનક કૂંજવું,
ને ડાળીઓનું ફૂલભારે ઝૂકવું.
આનંદ છે ! આનંદ છે ! મા ધરતી પર આનંદ છે !
આ પ્રિયજનોનાં હાસ,
નિર્દોષ શિશુઓનાં રૂદન ઉલ્લાસ;
ખ્રાન્ત તન કેરું દિનાન્તે લેટવું,
ને વિરહ અંતે સ્વજનનું ભેટવું.
આનંદ છે! આનંદ છે ! આ ધરતી પર આનંદ છે!

શિયાળાની શરુઆત સાવ છાને પગલે રાત્રીના બીજા પ્રહરથી થઈ ચૂકી છે. ત્યારે આવો કુદરતના આ અવનવા રંગ-રુપને અને સૃષ્ટિના આ સુંદર સર્જનને હૈયાના ભાવ સાથે માણીએ. પુષ્પની ખીલતી કળાનો સ્પર્શ, ખિલખિલાટ હસતા શિશુના ગાલમાં પડતા ખંજનનો સ્પર્શ અને ગુલાબની લાલચટ્ટક પાંદડીઓના સ્પર્શથી ટેરવાંને ફરીથી ખીલખીલાવી દઈએ!

- nehalgadhavi101@gmail.com

સંઘના સ્વયંસેવકોને કૉંગ્રેસમાં જોડાવા સરદારનું નિમંત્રણ

ગાંધીજીએ જણાવ્યું હતું કે, હિંદુ હોવા માટે હું ખસૂસ ગર્વ લઉં છું, પરંતુ મારો હિંદુ ધર્મ અસહિષ્ણુ કે વાડાબંધીવાળો નથી

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ભારતમાં આજે સત્તારૂઢ ભારતીય જનતા પક્ષ(બીજેપી)ની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ) અને કૉંગ્રેસના સર્વસત્તાધીશ નેતા રહેલા સરદાર વલ્લભભાઇ પટેલ વચ્ચેના સંબંધો હંમેશાં ચર્ચાસ્પદ રહ્યા છે. ૩૧ ઑક્ટોબર, ૧૮૭૫ના રોજ નડિયાદના દેસાઇવગોમાં જન્મેલા વલ્લભભાઇની સાચી જન્મતારીખ તો ૩૦ ઍપ્રિલ, ૧૮૭૬ અથવા ૭ મે, ૧૮૭૬ હોવા છતાં સરદારે મેટ્રિકનું ફોર્મ ભરતી વખતે 'જે યાદ આવી એ ઠોકી દીધેલી જન્મતારીખ' ૩૧ ઑક્ટોબર સમગ્ર ભારત સત્તાવાર રીતે મનાવે છે. મેટ્રિક બે ટ્રાયલે પાસ થયેલા વલ્લભભાઇની વિરાટ પ્રતિભાનાં દર્શન બેરિસ્ટર થવા એ લંડન આવ્યા અને એ પછી ભારતની સ્વાતંત્ર્ય ચળવળમાં પણ થયાં. મહાત્મા ગાંધી માટે અનિવાર્ય બનેલા એવા સરદાર પટેલ અખંડ ભારતના શિલ્પી બન્યા અને સામ, દામ, દંડ અને ભેદની ચાણક્યનીતિને આત્મસાત કરીને એમણે આખું આયખું ભારતમાતાને ચરણે સમર્પિત કર્યું હતું. 'હિંદુરાષ્ટ્રલ્લના કટ્ટર વિરોધી અને કૉમ્યૂનિસ્ટોના પણ બળૂકા દુશ્મન એવા સરદાર પટેલ વિરોધીઓને પણ રાષ્ટ્રનિર્માણ માં જોતરવામાં ભાગ્યે જ સંકોચ રાખતા હતા. હિંદુ-મુસ્લિમ એકતાના આગ્રહી અને ગાંધીજીની અહિંસાના આજીવન સમર્થક રહેલા વલ્લભભાઇએ 'હિંદુરાષ્ટ્ર'ના સમર્થક એવા રા.સ્વ.સંઘના રાષ્ટ્રભક્ત સ્વયંસેવકોને કૉંગ્રેસ સાથે જોડવાનો પ્રયાસ પણ કર્યો હતો. કૉંગ્રેસના કટ્ટર વિરોધી અને ભવિષ્યમાં પણ કટ્ટર વિરોધી થનારા ડૉ.બાબાસાહેબ આંબેડકર અને ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીને સ્વતંત્ર ભારતની પ્રથમ રાષ્ટ્રીય સરકાર સાથે જોડવાનો યશ પણ સરદાર સાહેબને જ આપવો પડે.

૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ અખિલ ભારતીય હિંદુ મહાસભાના સાવરકરવાદી 'અગ્રણી' નથુરામ ગોડસેની ગોળીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી વીંધાયા પછી હિંદુ મહાસભા અને રા.સ્વ.સંઘ પર પ્રતિબંધ લાદ્યા પછી પણ સરદારે ૧૧ સપ્ટેમ્બર, ૧૯૪૮ના રોજ સંઘના સરસંઘચાલક અને જેલમુક્ત થયેલા માધવ સદાશિવ ગોળવળકરને જણાવ્યું કે હું એવા દૃઢનિશ્ચય પર આવ્યો છું કે આરએસએસના લોકો તેમના રાષ્ટ્રપ્રેરિત કાર્યને કૉંગ્રેસમાં જોડાઇને જ પરિપૂર્ણ કરી શકે છે, અલગ અસ્તિત્વ જાળવીને કે એનો વિરોધ કરીને નહીં. મને આનંદ છે કે આપ જેલમુક્ત થયા છો. આશા રાખું છું કે આપ મારો ઉપરોક્ત બાબત અંગે વિચારવિમર્શ કરીને યોગ્ય તે નિર્ણય પર આવશો. ગુરુજીએ સરદાર પટેલને લખેલા પત્રોના ઉત્તરમાં માત્ર બે પત્રો જ એમણે ગરુજીને લખ્યા છે, પણ એ પત્રોમાં એમનો ગોળવળકર માટેનો આદરભાવ ઝળકવાની સાથે જ સંઘ બંધારણ તૈયાર કરીને એ મુજબ કાર્યરત રહે એ માટેનો દઢ આગ્રહ પણ સ્પષ્ટ થાય છે. બીજો પત્ર સરદારે ૨૬ સપ્ટેમ્બર, ૧૯૪૮ના રોજ ગુરુજીને લખ્યો છે. એ પછી ગુરુજીએ સરદારને ઉદ્દેશીને પત્રો લખ્યા છે જરૂર, પણ સરદારને બદલે ગૃહ વિભાગના સચિવ અને આઇસીએસ અધિકારી એચ.વી.આર.આયંગારે જ એના ઉત્તર વાળ્યા છે. છેલ્લે ૧ જૂન ૧૯૪૯નો પત્ર ગુરુજીએ જેલમાંથી લખીને 'પત્ર લખવાનો કોઇ અર્થ નથી એટલે લખવાનું માંડી વાળું છું.લ્ર એવી નારાજીની નોંધ સાથે લખ્યો છે અને એના ઉત્તરમાં સિમલાથી આયંગારે પણ 'પત્રવ્યવહાર ચાલુ રાખવાનું સરકારને પણ અર્થસભર લાગતું નથીલ્ર એવું જણાવતો પત્ર પાઠવ્યો છે.

વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંઘના પ્રચારક તરીકે અમદાવાદસ્થિત ડૉ.હેડગેવારભવનથી સપ્ટેમ્બર ૫, ૧૯૪૮ના રોજ પ્રકાશિત થયેલા પુસ્તક ''પત્રરૂપ શ્રીગુરુજી''માં નોંધ્યું છે: ''જીવનની કોઇપણ ક્ષણે આવેશમાં ખેંચાઇ ન જતાં સ્થિતપ્રજ્ઞ રહેવું તે માટેનો સતત જાગૃત પરિશ્રમ'' પત્રોમાં અનુભવાતો હતો. નરેન્દ્રભાઇ દ્વારા અનુદિત ગુરુજીના આવા પત્રો પ્રકરણ-૯માં 'અન્યાયને પડકાર' શીર્ષક હેઠળ મૂકાયા છે. એમાં વડાપ્રધાન પં. જવાહરલાલ નેહરુ અને સરદાર વલ્લભભાઇને ગુરુજીએ લખેલા પત્રો છે, પણ એ પત્રોના ઉત્તરમાં આવેલા પત્રો નથી. એ માટે પી.એન.ચોપડા અને પ્રભા ચોપડા સંપાદિત ''ધ કલેક્ટેડ વર્ક્સ ઑફ સરદાર વલ્લભભાઇ પટેલ''નો ગ્રંથ-૧૪ જોવો અનિવાર્ય બની જાય છે.

મોદીઅનુદિત પત્રોમાં ''સત્યને લાંબો સમય છુપાવી શકાય નહીં'' એ શીર્ષક હેઠળના ગુરુજીલિખિત 'માન્યવર સરદારજી''ને સંબોધીને લખાયેલો ૫ નવેમ્બર ૧૯૪૮નો પત્ર વર્તમાન સંજોગોમાં પણ સવિશેષ પ્રસ્તુત બની જાય છે. ''રાજકીય ક્ષેત્રમાં કાર્યક્ષમ અને વર્તમાનકાળમાં શાસનારૂઢ સંસ્થા કૉંગ્રેસ અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં અસામાન્ય બંધુભાવ, દઢ રાષ્ટ્રપ્રેમ તથા સ્વાર્થશૂન્યતાને નિર્માણ કરવામાં સફળતા પામનાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વચ્ચે વૈમનસ્ય ન થાય, એ બંને પરસ્પર પૂરક થાય, અને તેમનું ક્યાંક પવિત્ર મિલન થાય એ માટે મેં મારી પૂરી શક્તિથી પ્રયત્ન કર્યો. સહકારનો હાથ આગ્રહ ધર્યો. મારે અત્યંત દુઃખ સાથે કહેવું પડે કે મારી સદ્‌ભાવનાઓની આપના તરફથી ઉપેક્ષા થઇ. બંને પ્રવાહોના સંયોગની મારા મનની ઇચ્છા અતૃપ્ત બની રહી. શક્ય છે કે પરમ કરુણામય પરમાત્મા મારા માટે કોઇ અન્ય માર્ગની તરફ સંકેત કરી રહ્યો હોય અને સંભવતઃ તેમાંજ આ દેવભૂમિ ભારતવર્ષના ભાગ્યોદયનાં બીજ હોય.''

''માર્ગો જુદા થતી વખતે મારી ઇચ્છા છે કે એકવાર આપનાં દર્શન કરું. યદ્યપિ આપે મને ન મળવાનો વિચાર કર્યો હોય તથાપિ હું આપને પ્રાર્થના કરું છું કે આપ એક અવસર મને આપો તેથી શિષ્ટ સંપ્રદાય અનુસાર હું આપની વિદાય લઇ શકું. સંઘને કાયદેસર કરાવવાના વિષયમાં આપના અને મારા વચ્ચે યદ્યપિ કોઇ મતભિન્નતા ઉત્પન્ન થઇ ગઇ હોય તો પણ હું વ્યક્તિગત રીતે આપને ખૂબ માનું છું . અને આ જ દૃષ્ટિથી જુદો માર્ગ, અનિચ્છાઓ જ કેમ ન હોય, અપનાવતી વખતે આપને મળીને જવાની ઇચ્છા છે.'' ગુરુજીને દિલ્હી જિલ્લા અધિકારીએ ૨ નવેમ્બર, ૧૯૪૮ના રોજ પાઠવેલા પ્રતિબંધ-આજ્ઞાપત્રને 'અકારણ અને અન્યાયી' સમજીને પરત કરી દીધો હોવાની નોંધ પણ સરદારને લખેલા પત્રમાં કરી છે. બંને મહાનુભાવો વચ્ચે પુનઃ કોઇ મુલાકાત થયાનો સંદર્ભ અમોને મળતો નથી. ૧૩ નવેમ્બર ૧૯૪૮ના રોજ 'સંઘ પરના પ્રતિબંધને નહીં હટાવવાનો આપનો (સરદારનો)નિર્ણય જાણતાં.લ્ર ગુરુજીએ લખેલા પત્રમાં સંઘ પરના બધા આક્ષેપો નિરાધાર તથા તર્કહીન હોવાને કારણે તેમને પાછા ખેંચી લઇને પ્રતિબંધને હટાવી લેવાનો' આગ્રહ કર્યો છે. એ પત્રના અંતમાં સંઘના દ્વિતીય સરસંઘચાલકજીએ નોંધ્યું છે: ''મને વિશ્વાસ છે કે જે કંઇ ઉપર લખ્યું છે તેની તરફ આપ ઉચિત ધ્યાન આપશો અને ન્યાયી અને ઉચિત હોય એવું કાર્ય કરશો. આપ તેમ નહીં કરો તો એ કાર્ય સરમુખત્યારીભર્યું અને ગેરકાયદે પુરવાર થશે.'' આ પત્રના પ્રારંભમાં ગુરુજીએ નોંધેલા શબ્દો પંડિત નેહરુ કરતાં સરદાર ભણી એમનો રોષ વધુ પ્રગટવા અને તેમના પગલાને 'સરમુખત્યારીભર્યું' લેખવા પ્રેરે છે. ''માનનીય સરદારજી, પ્રણામ, આપના તરફથી આયંગારનો પત્ર કાલે સાંજે મને મળ્યો. ધન્યવાદ. ૧૦ નવેમ્બરે માનનીય પ્રધાનમંત્રી (નેહરુ) દ્વારા મને મોકલાવેલા પત્રને આધારે સંઘ પરના પ્રતિબંધને નહીં હટાવવાનો આપનો નિર્ણય મને જાણવા મળ્યો. મને એ જોઇને આશ્ચર્ય થાય છે કે એક તરફ પ્રધાનમંત્રીએ પોતાના પત્રમાં મને એવું સૂચિત કર્યું છે કે ગૃહવિભાગે જ તેના પર નિર્ણય કરવાનો છે અને બીજી તરફ આપનો નિર્ણય પ્રધાનમંત્રી દ્વારા મને મોકલવામાં આવેલા પત્ર પર આધારિત હતો.'

સંઘ, સરદાર અને નેહરુના ત્રિકોણને સમજવા માટે નેહરુ, સરદાર અને ગુરુજી વચ્ચેના પત્રવ્યવહારને આધારે નવેસરથી વિચારવાની જરૂર વર્તમાન સંજોગોમાં ઊભી થઇ છે.ખાસ કરીને આજે સંઘ, હિંદુ મહાસભા અને શિવસેના જેવાં હિંદુવાદી સંગઠનો ભારતને 'હિંદુરાષ્ટ્ર' ઘોષિત કરવાની ઝુંબેશ ચલાવી રહ્યાં છે અને હિંદુરાષ્ટ્ર નેપાળ જ્યારે સેક્યુલરવાદી રાષ્ટ્ર જાહેર થયું છે ત્યારે તો સવિશેષ.

સરદાર પટેલે 'હિંદુરાષ્ટ્ર' ને 'ગાંડાઓનો ખ્યાલ' ગણાવ્યો હતો. ભારતને હિંદુ, મુસ્લિમ, જૈન, ઇસાઇ, શીખ સૌના દેશ તરીકે લેખાવ્યો હતો. મહાત્મા ગાંધીને રાષ્ટ્રપિતા ગણવા બાબતે સંઘ પરિવાર સંકોચ અનુભવે છે ત્યારે ભારતમાં સ્વાતંત્ર્યવીર સાવરકર, નેતાજી સુભાષચંદ્ર બોઝ અને ડૉ.બાબાસાહેબ આંબેડકરને રાષ્ટ્રપિતા જાહેર કરવાની માંગણી વિવિધ વર્ગોમાંથી બુલંદ થઇ રહી છે. સંઘની દિલ્હી રેલીમાં ગાંધીજી ગયા ત્યારે તેમને 'હિંદુ ધર્મે પેદા કરેલા એક મહાપુરુષ' ગણાવાયા હતા. જવાબમાં ગાંધીજીએ જણાવ્યું હતું કે, ''હિંદુ હોવા માટે હું ખસૂસ ગર્વ લઉં છું, પરંતુ મારો હિંદુ ધર્મ અસહિષ્ણુ કે વાડાબંધીવાળો નથી. મારી સમજ પ્રમાણે, હિંદુ ધર્મની શોભા એ છે કે, બધા ધર્મોનાં સારાં તત્ત્વો તે અપનાવે.લ્ર ગાંધીજીને પૂછવામાં આવ્યું, હિંદુ ધર્મમાં આતતાયીઓને મારી નાખવાની છૂટ નથી શું? એના

અનુસંધાન પાના નં. ૭ પર

ઉશ્કેરણી એ આઈપીસીની કલમ ૧૨૪(એ) મુજબ રાજદ્રોહનો ગુન્હો બને છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

તાજેતરમાં અનામત આંદોલનના કારણે રાજદ્રોહ શબ્દ ઘણા વર્ષો પછી સતત ચર્ચામાં આવ્યો. રાજા રજવાડાઓના સામતોના સમયમાં આ શબ્દ પ્રચલીત હતો અને રાજદ્રોહ માટે આજીવન કારાવાસ, દેશનિકાલ અગરતો મૃત્યુ દંડ સુધીની સજા ફરમાવવામાં આવતી કાલક્રમે લોકશાહી આવતા રાજદ્રોહ શબ્દ નાબુદ થતો ગયો અને કાયદો માત્ર ચોપડામાં જ રહ્યો હતો પરંતુ તાજેતરમાં સરકાર વિરૂધ્ધના અનામત આંદોલનના કારણે આંદોલન કારીઓને ઉગતા જ ડામી દેવા માટે તથા આદોલનકારીઓમાં ધાક જમાવવા આ કલમનો ઉપયોગ પુનઃ ચલણમાં આવેલ છે.

બેફામ વાણી વિલાસ દ્વારા આમ જનતાને ઉશ્કેરી સરકાર વિરૂધ્ધ પ્રવૃત્તિ કરવા અથવા રાજય સેવકને મારી નાખવા ઉશ્કેરણી જનક શબ્દો કહેવા, બોલવા કે મેસેજ કરવાથી આઈપીસી ની કલમ ૧૨૪(એ) કોઈની હત્યા કરવા માટે ઉસ્કેરણી માટે મદદગારી કરવા સબબ તથા આઈપીસી ૧૧૫ લાગુ પાડી શકાય છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટે નોંધેલ છે કે કોઈની પણ હિંસા ફેલાવવી અને સમાજમાં શાંતિનો ભંગ કરવો અથવા વર્ગવિગ્રહ પેદા કરી રાજય સેવકનેજાનથી મારી નાંખવા ટોળાને ઉસ્કેરવા તે મુજબની અન્યને સલાહ આપવી એ રાજદ્રોહ ગણાય.

કોઈપણ વ્યકિતને સરકાર સામે આંદોલન કરવાનો હક્ક છે. પોતાની માંગ રજુ કરવાનો હક્ક છે પંરતુ તે ના મળતા રાજય સેવકની જાન લેવા ઉસ્કેરણી કરવાનો હક્ક નથી તેમજ સમાજની સુલેહ શાંતિ ભંગ કરી સમગ્ર જનતાને બાનમાં લેવાનો હક્ક નથી. આવશ્યક સેવાઓ, ચિજવસ્તુઓ, જીવન જરૂરીયાતની વસ્તુઓ અટકાવવાનો હક્ક નથી.

અનામત આંદોલનમાં આંદોલનકારીઓને પોલીસે પકડયા, ધરપકડ કરી તેના વિરોધમાં એક સમુહદાયે બીજા સમુદાયને ઉસ્કેરી તેમજ પ્રજાની જાનમાલનું રક્ષણ કરતા રાજય સેવકને મારી નાંખવાની સલાહ આપતા વીડીયો વાયરલ થતા પોલીસે આંદોલન કરતા નેતાને પકડી રાજયદ્રોહનો ગુન્હો નોંધતા સમગ્ર બાબત વિવાદમાં આવેલ અને જામીનખતમાં રાજદ્રોહ શું છે? શા માટે લગાવાઈ? ગુન્હો સાબીત થયે શુંસજાની જોગવાઈ છે? આટલી આકારી સજા કેમ? વિગેરે પ્રશ્નો ઉઠે તે સ્વાભાવિક છે.

પોલીસ વિભાગ એ રાજય સરકારનુંઅભિન્ન અંગ છે અને આ અંગને જ નેસ્તનાબુદ કરવાની ઉશ્કેરણી રાજદ્રોહ જ નેસ્તનાબુદ કરવાની ઉસ્કેરણી રાજદ્રોહ જ ગણાય તેવું નામદાર હાઈકોર્ટે પ્રારભંગી સુનાવણીમાં નોંધી આ કલમ એફઆઈઆરમાંથી દૂર કરવા માટે અસમતી દર્શાવી જેથી હાલમાં અનામત આંદોલનની નેતાગીરી સંભાળતા નેતાઓ માટે જેલમાંથી મુક્ત થવાનુંઅઘરૂં સાબીત થતા આંદોલનમાં ફટકો પડેલ છે. રાજય સરકાર સામે આવા ગંભીર આરોપ લગાડવા માટે કેટલાક સમાજ દ્વારા ધૃણાસ્પદ નિવેદનો કરવામાં આવ્યા છે. હા